# વિજ્ઞાન પ્રવાહના નાપાસ ઉમેદવારો માટે ૧૯મી એપ્રિલથી પરીક્ષા

## જિલ્લામાંથી ૫૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૧૦

ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા ગત માર્ચ મહીનામાં પુર્ણ થયા બાદ એકબાજુ ગુજકેટની પરીક્ષાનુ આયોજન થઈ રહયુ છે. ત્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૧ થી ૪ ના નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આગામી તા ૧૯ થી ૨૧ એપ્રિલ દરમિયાન પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પરીક્ષામાં જિલ્લામાંથી ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહેશે. પરીક્ષાને અનુલક્ષી ત્રણ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગત માર્ચ મહીનામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી ઉત્સુક છે. જયારે પરીક્ષાના પરિણામની પણ દિન પ્રતિદિન ઈન્તેજારી પ્રબળ બનતી જાય છે. ત્યારે ધોરણ -૧૨ માં તમામ વિષયોમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૧૯ થી ૨૧ એપ્રિલ દરમિયાન આ પરીક્ષા લેવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહના સેમ -૧ થી ૪ માં તમામ વિષયોમાં અનઉત્તિર્ણ હોય તેવા વિદ્યાર્થીઓ માટે આ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવે આ અંગે જણાંવ્યુ છે કે જુલાઈ ૨૦૧૭ પહેલાની પુરક પરીક્ષામાં અનુત્તિર્ણ થયેલા ઉમેદવારોની ખાસ પરીક્ષા એપ્રિલ ૨૦૧૮ ની હોલ ટીકીટનુ વિતરણ જિલ્લાના વિતરણ સ્થળે તા ૧૨ એપ્રિલે સવારે ૧૧ થી ૧૬ કલાક દરમિયાન કરવામાં આવશે. આ પુરક કસોટી દરમિયાન વિદ્યાર્થીઓ રોજ બે વિષયની પરીક્ષા આપવાની રહેશે. જેમાં ૧૦ : ૩૦ થી ૨ :૦૦ અને બપોરે ૩ : ૦૦ થી ૬ : ૩૦નો સમય રહેશે. પરીક્ષાને અનુલક્ષી શહેરના ત્રણ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષાના વર્ગખંડોમાં સી સી ટી વી કેમેરાની વોચ રહેશે.



પ્રકૃતિનો પરમ વૈભવ

# જિલ્લામાંથી ૫૫૦૦ વિદ્યાર્થીઓ ગુજસેટની પરીક્ષા આપશે

## આજે સ્થળ સંચાલકો સાથે બેઠક

ગાંધીનગર તા ૧૦

ધોરણ -૧૦ ની બોર્ડ પરીક્ષાના અંતે હાલ શાળામાં વાર્ષિક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ વ્યસ્ત છે. જયારે બાર્ડ પરીક્ષાના અંતે હવે આગામી તા ૨૩ એપ્રિલના રોજ ગુજસેટની મહત્વની પરીક્ષા માટે પણ શિક્ષણ તંત્રએ તૈયારી કરી લીધી છે. આજે ગુજસેટની પરીક્ષાને અનુલક્ષી સે-૧૬ સ્થિત મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે આ અન્વયે મહત્વની બેઠકનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી ૫૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગુજસેટની પરીક્ષા આપશે.

ગત માર્ચ મહીનામાં બોર્ડની પરીક્ષા પુર્ણ થયા બાદ વિદ્યાર્થીઓએ થોડી રાહત અનુભવી હતી. બાર્ડની કસોટીના અંતે પણ હજુ પરીક્ષાની મોસમ ચાલુ છે. નગરની શાળાઓમાં બોર્ડ સિવાયના અન્ય વિદ્યાર્થીઓ માટે વાર્ષિક કસોટી લેવાઈ રહી છે. જયારે આગામી તા ૧૬ એપ્રિલ સુધીમાં આ પરીક્ષાઓ પુર્ણ થઈ જશે. બીજીતરફ આગામી તા ૨૩ એપ્રિલના રોજ ગુજસેટની પરીક્ષાનુ પણ આયોજન કરી દેવાયુ છે.

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ અને બી સ્ટ્રીમમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ ગુજસેટની પરીક્ષા આપશે. જો કે પેરામેડિકલ અને એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે ગુજસેટની પરીક્ષા મહત્વની બની રહેશે. જિલ્લામાંથી ૫૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે.

આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી તૈયારી પણ કરી દેવામાં આવી છે. પરીક્ષાને અનુલક્ષી ૧૧ એપ્રિલે સે-૧૬ મહાત્મા વિદ્યાલય ખાતે સવારે ૧૧ : ૩૦ કલાકે જિલ્લા શિક્ષણાધિકારી તેમજ સ્થળ સંચાલકો વચ્ચે એક બેઠકનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.

# જીમખાના ક્રિકેટ મેદાનને વિકસાવવા રાજકોટના ખંડેરી સ્ટેડિયમનો અભ્યાસ કરાશે

ગાંધીનગર તા ૧૦

સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનને અદ્યતન બનાવવાનુ કામ હાથ ધરાયુ છે. આ જીમખાના મેદાનને રણજીટ્રોફી જેવી મેચનુ આયોજન થઈ શકે તેવી પેટર્ન મુજબ વિકસાવવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. હાલ સ્થળ પર કામગીરી પ્રગતિ હેઠળ છે. જયારે ક્રિકેટ મેદાનનુ સ્ટેડિયમ અને પીચ સહીત તૈયાર કરવા માટે તંત્રના અધિકારીઓ તેમજ જીમખાના કમિટીના સભ્યો રાજકોટના મેદાનનો અભ્યાસ કરશે. તંત્રના અધિકારીઓ આવતીકાલે રાજકોટની આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટ સ્ટેડિયમનો અભ્યાસ કરી ગાંધીનગરના મેદાનને આખરી ઓપ આપવાનુ આયોજન કરશે.

**તંત્રના અધિકારીઓ તેમજ જીમખાના કમિટીના બે સભ્યો આવતીકાલે રાજકોટ સ્ટેડિયમનો અભ્યાસ કરશે**

ગાંધીનગરમાં સે-૨૧ ખાતે સ્થિત ક્રિકેટ મેદાન વર્ષોથી ક્રિકેટ રસિયાઓ માટે આકર્ષણનુ કેન્દ્ર છે. સ્થાનિક કક્ષાએ પણ અનેકવાર ક્રિકેટ મેચોનુ આ સ્થળે આયોજન કરવામાં આવે છે. જયારે જીમખાનાના રીનોવેશન બાદ સે-૨૧ના ક્રિકેટ મેદાનને પણ અધ્યતન બનાવવા માટે ગતિવિધિઓ હાથ ધરાઈ છે. છેલ્લા ઘણાં સમયથી આ કાર્યયોજના અન્વયે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. ક્રિકેટ સ્ટેડિયમને વિકસાવાની યોજના અન્વયે પીચ સહીત ખેલાડીઓ માટેના રૂમ બેઠક વ્યવસ્થા તેમજ અન્ય આનુસંગિક સુવિધાઓનુ પણ કામ કરવામાં આવશે. આ ક્રિકેટ મેદાનને વિકસાવવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. જયારે ઘણાં સમયથી ક્રિકેટ મેદાનને તૈયાર કરવા માટેનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. આ માટે અગાઉ ક્રિકેટ પીચના નિષ્ણાંતોનો અભિપ્રાય પણ લેવામાં આવ્યો હતો. જયારે પીચને અદ્યતન બનાવવા તેમજ ભાવિ સમયમાં આ ઠેકાણે રણજીટ્રોફી સહીતની ઉચ્ચ કક્ષાની મેચોનુ પણ આયોજન થઈ શકે તે મુજબ આ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩ સીના બગીચામાં અંધારપટ્ટ વચ્ચે અસામાજિક પ્રવૃતિ વિસ્તરી

## ઉનાળુ વેકેશનના પ્રારંભે પણ બગીચામાં લાઇટ ન હોવાથી સ્થાનિકો બગીચામાં જવાનુ ટાળે છે : સ્થાનિક કોપરિટરો સહીત તંત્રને રજુઆત

ગાંધીનગર તા ૧૦

શહેરમાં મોટાભાગના સેકટરોના બગીચાઓ ખંડેર હાલતમાં છે. સે-૩ સી ના બગીચામાં પણ અંધારપટ્ટ છે. જયારે ઉનાળુ વેકેશનના પ્રારંભે બગીચાઓમા લાઈટ પણ ન હોવાથી સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશો બગીચામાં જવાનુ ટાળે છે. બાળકોમાં પણ નારજગી વ્યાપી છે. સેકટરામાં સ્થિત બગીચાઓ પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે અસામાજિક પ્રવૃતિઓ માટે પ્રોત્સાહકરૂપ બની રહયા છે. આમછતા તંત્ર કક્ષાએથી કોઈ પગલા લેવાતા નથી. સ્થાનિકો હવે સેકટરની પ્રાથમિક સુવિધાઓ ખાડે જતા આંદોલન કરવાના મુડમાં છે. ત્યારે આ વોર્ડના નગરસેવકોએ પણ આ મામલે સ્થાનિકોની રજુઆતને યોગ્ય ન્યાય મળે તે માટે પગલા લેવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

સેકટરોમાં નિર્માણ કરાયેલા બગીચા હરિયાળી ગુમાવી રહયા છે.પરંતુ પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે ખંડેર ભાસતા ઉદ્યાનોમાં અસામાજિક બદીઓ ફુલી ફાલી રહી હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. શહેરના સે-૩ માં પણ બગીચાઓની આવી જ દશા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કૂપોષણ મુક્તિ અભિયાન માટે રણનીતિ ઘડવા ૧૪મીથી ગ્રામસભાઓ

ગાંધીનગર, તા. ૧૦

આગામી ૧૪મી એપ્રિલથી ૨૪ એપ્રિલ દરમ્યાન પોષણ અભિયાન અંતર્ગત ખાસ ગ્રામસભાઓનું આયોજન કરી સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં મહત્વનુ પગલુ ભરવા કેન્દ્ર સરકારે રાજ્યને સૂચવતાં રાજ્યના ગ્રામ વિકાસ કમિશ્નરે આ અંગે પરિપત્ર કરીને આગળની કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૦ થી ૬ વર્ષના બાળકો જે કુપોષિત કેટેગરીમાં આવે છે તેમના પોષણ સ્તરમાં સુધારો કરવા પોષણ અભિયાનની રૂપેખા સ્થાનિક કક્ષાએથી જ તૈયાર કરી અને અમલવારી કરવા જણાવાયુ છે.

આ ગ્રામસભા અભિયાનમાં આરોગ્ય, મહિલા અને બાળકલ્યાણ, ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ એ મહત્વના છે અને તેથી તે બધા સાથે સંકલનમાં રહી અને ગ્રામસભાનો એજન્ડા તૈયાર કરવાનો રહેશે.

ગ્રામ પંચાયતમાં જ બાળકોના વજન કરી અને આંગણવાડી કેન્દ્રો પર દર્શાવવાના રહેશે. સગર્ભા માતાઓનું પણ વજન કરવુ એટલુ જ નહિ સગર્ભા બહેનોનું ચેકઅપ કરી અને સ્થિતિ અંગે પરિવારના સૌને તેની જાણ કરી જેથી માતા મરણ કે બાળ મરણ અટકી શકે. ૧૪મી એપ્રિલ એ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ છે જયારે ૨૪ એપ્રિલને પંચાયતી રાજ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. કુપોષણ મુક્તિ અભિયાન એ રાષ્ટ્રહિતનું અભિયાન છે અને પોષણ સ્તર સુધરે તે માટે સ્થાનિક કક્ષાએથી જ રણનીતિ તૈયાર થાય એ જરૂરી હોઈ આ અભિયાન યોજવા કેન્દ્રએ સૂચવ્યુ છે.

ગ્રામ વિકાસ કમિશ્નરનીશ્રીની કચેરી દ્વારા આ અંગે વિસ્તૃત સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી હોવાનું સચિવાલયના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે. આ માટે ગ્રામસભા અભિયાનમાં ગ્રામ્ય સ્તરે કેટલા કુપોષિત બાળકો છે તેનો પણ ખ્યાલ આવશે અને કુપોષણથી શુ નુકશાન થાય છે તેની જનજાગૃતિ પણ કેળવાશે તે માટે જરૂરી સૂચનાઓ સાથે અભિયાન હાથ ધરવા જણાવાયું છે.


# અગિયારમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જેઠાલાલ ગિરિજાશંકર રાવલ**

સ્વર્ગવાસ તા. ૧૧મી એપ્રીલ ૨૦૦૭

સત્કાર્યો તમારી શોભા હતી, તમારૂ જીવન એ જ તમારો સંદેશો હતો. આપના ઉત્તમ કાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલિત રહે અને આપના ગુણોને અનુસરીએ એ જ હોઈ શકે અમારી આપને શ્રદ્ધાંજલિ

પ્રભુ આપના દિવ્ય, સત્કર્મી, પુણ્યશાળી, ધર્મિષ્ટ, પરોપકારી આત્માને સદ્‌ગતિ અને ચિરશાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના...

તમારા અમે સૌ...

**ગં. સ્વ. કૈલાસબેન જે. રાવલ**

નરેન્દ્ર રાવલ (પુત્ર) — અશોક રાવલ (પુત્ર)
જ્યોત્સના રાવલ (પુત્રવધુ) — સંગીતા રાવલ (પુત્રવધુ)
વિરેન રાવલ (પૌત્ર) — કેયુર રાવલ (પૌત્ર)
સ્મિતા રાવલ (પૌત્રવધુ) — ચિન્મયી રાવલ (પૌત્રવધુ)
ક્રિશા રાવલ (પ્રપૌત્રી) — શ્લોક રાવલ (પ્રપૌત્ર)
સ્વરા રાવલ (પૌત્રી)
માલા રાવલ (પૌત્રી), આશિષ રાવલ (જમાઈ),
વિધિ રાવલ (પ્રપૌત્રી), ગર્વ રાવલ (પ્રપૌત્ર)

**સ્વ. નર્મદાબા ગિરિજાશંકર રાવલ પરિવાર**


# સચિવાલય સંકુલમાં પ્રવેશતા ફરજ પરના અધિકારીઓના અણછાજતા વર્તન સામે સૂત્રોચ્ચાર

## રાજ્યમાં પંચાયતીરાજને વધુ સુદ્રઢ કરવા પંચાયત પરિષદની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય પંચાયત પરિષદના પદાધિકારીઓ પંચાયત મંત્રીને મળવા સચિવાલય પહોંચ્યા ત્યારે પ્રવેશ અધિકારીઓના વર્તન સામે નારાજગી વ્યક્ત કરવા સ્વર્ણિમ સંકુલમાં જ સૂત્રોચ્ચાર કરાયો હતો. આજે પંચાયત પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારઘીના નેતૃત્ત્વમાં ઉચ્ચકક્ષાનું પ્રતિનિધિ મંડળ પંચાયતી રાજ અંગે રજૂઆત કરવા પંચાયત મંત્રી સમક્ષ પહોંચ્યું હતું.

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની બેઠક આજરોજ ગાંધીનગર મુકામે મળી હતી જેમાં રાજ્યની મોટાભાગની જિલ્લા પંચાયતોના પ્રમુખો હાજર રહ્યા હતા. ગુજરાતની વિવિધ સ્તરની પંચાયતોના પ્રશ્નો અંગે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ તરફથી રાજ્ય સરકારમાં વારંવાર રજુઆત કરવામાં આવેલ હોવા છતાં રાજ્ય સરકાર તરફથી આ અંગે કોઈ હકારાત્મક અભિગમ ન અપનાવતા રાજ્યની જિલ્લા પંચાયતોના પ્રમુખોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને પંચાયત પરિષદ તરફથી સરકારમાં જે પ્રશ્નો રજુ કરેલ છે તેની બેઠકમાં વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને જિલ્લા પંચાયતના સ્વભંડોળ ઉપરનું નિયંત્રણ દૂર કરવા, જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખોને સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ મુજબ સ્થાન આપવા, જિલ્લા પંચાયતના પ્રમુખોને ખાસ વિવિકાધીન ગ્રાન્ટ ફાળવવા તેમજ એ.ટી.વી.ટી. યોજના પંચાયતોને સુપ્રત કરવા, અનુસૂચિત વિસ્તારોમાં પેસા એક્ટનો સંપૂર્ણ અમલ કરવા અને ગ્રામ પંચાયતોના ફંડમાંથી લેવડ-દેવડના અધિકાર અંગે તેમજ ગ્રામ પંચાયતોના આઉટ સોર્સીંગથી ભરતી કરવાની પ્રથા રદ કરવા વિગેરે પ્રશ્નો અંગે સરકારીના પંચાયત મંત્રી જયદ્રથસિંહ પરમારની આજરોજ રૂબરૂ મુલાકાત લઈ વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. રાજ્ય સરકાર પંચાયતોના પ્રશ્નો અંગે સુખઃદ ઉકેલ લાવે તેમજ પંયાયતોને કાયદા અન્વયે સુપ્રત થયેલ અધિકારો આપવામાં આવે તેમજ ગુજરાતના પંચાયતીરાજને દેશમાં પ્રથમ હરોળમાં મુકવા અંગેના



પંચાયત પરિષદ અને જિલ્લા પંચાયતોના પ્રયત્નોમાં સાથ અને સહકાર આપે તેવું પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યું હતું.

પરિષદની બેઠકમાં ચર્ચા થયા મુજબ રાજ્યની તમામ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને સદસ્યોને પંચાયતીરાજ અંગેની નિયત થયેલ તાલીમ ગાંધીનગર મુકામે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ સંચાલિત તાલીમ કેન્દ્રમાં આપવામાં આવે તે માટે રાજ્ય સરકાર મંજુરી આપે તે માટે પણ રજુઆત કરવામાં આવી હતી. આગામી સમયમાં ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની મહાસમિતિની બેઠક બોલાવવા વિચારણા કરવામાં આવેલ જેમાં રાજ્યની તમામ

● અનુસંધાન પાન-૭ પર

# ૧૭ જિલ્લાના ૯૬ ગામોમાં ૧૪ એપ્રિલથી ગ્રામસ્વરાજ અભિયાન

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના ૧૭ જિલ્લાના ૯૬ ગામોમાં ૧૪મી એપ્રિલથી ૫ મે દરમ્યાન ગ્રામસ્વરાજ અભિયાનની ઉજવણી કરવામાં આવશે.

આ માટે બનાસકાંઠાના ૧૨ ગામ, સાબરકાંઠાના ૧૮, મહેસાણાના ૧ ગામ ઉપરાંત અમદાવાદ, અમરેલી, ભાવનગર, જામનગર, ખેડા, જુનાગઢ, કચ્છ, પંચમહાલ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર અને વડોદરાના ગામોની પસંદગી કરવામાં આવી છે. આ ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત સ્વચ્છતા, આરોગ્ય, આયુષ્યમાન બાળ અભિયાન, ગ્રામ શક્તિ અભિયાન, કિસાન કલ્યાણ કાર્ય શાળા, કૌશલ વિકાસ મેળાનું આયોજન કરવામાં આવશે.

આજે આ માટે રાજ્યના ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા એક વિડીયો કોન્ફરન્સનું પણ આયોજન કરી વિશેષ જાણકારી આપવામાં આવી હતી.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com